સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષના ફેરફાર કરેલ (Modified) અંદાજપત્રમાંથી માર્ચ-૨૦૧૫ના માસની આયોજન હેઠળની (કેન્દ્રીય પુરસ્કૃત યોજના) ગ્રાન્ટ ફાળવવા બાબત.
માંગણી ક્રમાંક: ૬૭ ( આયોજન હેઠળ )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૪/૨૪૨/ખ-૩
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૩૦-૦૩-૨૦૧૫

વંચાણે લીધો : -

૧. નાણા વિભાગનો તારીખ : ૩૦-૦૩-૨૦૧૫ નો ઓનલાઈન ફાઈલ ક્રમાંક : એફ.ડી-એ.પી.બી-૦૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૦
૨. નાણા વિભાગનો તારીખ : ૩૦-૦૩-૨૦૧૫ નો ઓનલાઈન ફાઈલ ક્રમાંક : એફ.ડી-એ.પી.બી-૦૬૭-૪૨૧૫-૦૧-૮૦૦-૦૩
૩. નાણા વિભાગનો તારીખ : ૩૦-૦૩-૨૦૧૫ નો ઓનલાઈન ફાઈલ ક્રમાંક : એફ.ડી-એ.પી.બી-૦૬૭-૪૨૧૫-૦૧-૮૦૦-૦૪

યાદી :-

આમુખમાં દર્શાવેલા નાણા વિભાગના તારીખ : ૩૦-૦૩-૨૦૧૫ ના પરિપત્રથી સને ૨૦૧૪-૧૫ ના વર્ષના ફેરફાર કરેલ (મોડીફાઇડ) અંદાજપત્રની જોગવાઈ માંથી કેન્દ્રીય પુરસ્કૃત યોજના માટે માહે : માર્ચ – ૨૦૧૫ ના માસ માટેની આ પ્રભાગને ફાળવેલ સંદર્ભ -૧ નાં આદેશથી રૂ.૧૪૯૬.૪૪ લાખ (અંકે રૂપિયા ચૌદ કરોડ છન્નું લાખ ચુમ્માલીસ હજાર પુરા), સંદર્ભ-૨ ના આદેશથી રૂ.૯૨૫.૦૪ લાખ (નવ કરોડ પચ્ચીસ લાખ ચાર હજાર પુરા) તથા સંદર્ભ-૩ના આદેશથી રૂ.૨૧૮/-લાખ (બે કરોડ અઢાર લાખ પુરા) એમ કુલ રૂ.૨૬૩૯.૪૮ (અંકે રૂપિયા છવ્વીસ કરોડ ઓગણચાલીસ લાખ અડતાલીસ હજાર પુરા) ની ગ્રાન્ટ ઉપસચિવશ્રી (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે. ઉક્ત ફાળવેલ ગ્રાન્ટ પૈકી માંગણી ક્રમાંક : ૬૭, મુખ્ય સદર – ૪૨૧૫ માં રૂ.૧૪૯૬.૪૪ લાખ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને તથા માંગણી ક્રમાંક : ૬૭, મુખ્ય સદર – ૪૨૧૫ માં રૂ.૧૧૪૩.૦૪ લાખ વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન, ગાંધીનગરને નીચે જણાવેલ સદરોએ સ્થાયી ખર્ચ તથા કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ખર્ચ કરવા ફાળવણી કરવામાં આવે છે.

## (અ) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

( રૂપિયા લાખમાં )

| અ.નું | વિગતવાર સદર | | માર્ચ ૨૦૧૫ના માસ માટે<br>આયોજન હેઠળ (કેન્દ્રીય પુરસ્કૃત યોજના) | રકમ શબ્દોમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| | માંગણી ક્રમાંક - ૬૭ (આયોજન હેઠળ) | | | |
| ૧ | મુખ્ય સદર -<br>પેટા સદર -<br>ગૌણ સદર -<br>પેટા મુખ્ય સદર -<br><br>વિગતવાર સદર -<br>હેતુ સદર -<br>હેડ ચાર્જેબલ - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>૦૧ પાણી પુરવઠો<br>૧૦૨ ગ્રામીણ પાણી પુરવઠો<br>૨૦ રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના - રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ ક્ષેત્ર<br>૦૦<br>૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>૪૨૧૫ ૦૧ ૧૦૨ ૨૦ | ૧૪૯૬.૪૪ | ચૌદ કરોડ છન્નું લાખ ચુમ્માલીસ હજાર પુરા |
| | સરવાળો - | ૪૨૧૫ (અ) | ૧૪૯૬.૪૪ | |

## (બ) વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય સદર -<br>પેટા સદર -<br>ગૌણ સદર -<br>પેટા મુખ્ય સદર -<br><br>વિગતવાર સદર -<br>હેતુ સદર -<br>હેડ ચાર્જેબલ - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>૦૧ પાણી પુરવઠો<br>૮૦૦ અન્ય ખર્ચ<br>૦૩ રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના - સપોર્ટ ફંડ<br>૦૦<br>૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>૪૨૧૫ ૦૧ ૮૦૦ ૦૩ | ૯૨૫.૦૪ | નવ કરોડ પચ્ચીસ લાખ ચાર હજાર પુરા |
| ૨ | પેટા મુખ્ય સદર -<br><br>વિગતવાર સદર -<br>હેતુ સદર -<br>હેડ ચાર્જેબલ - | ૦૪ રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના - વોટર ક્વોલીટી મોનીટરીંગ એન્ડ સર્વેલન્સ કમ્પોનન્ટ<br>૦૦<br>૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>૪૨૧૫ ૦૧ ૮૦૦ ૦૪ | ૨૧૮.૦૦ | બે કરોડ અઢાર લાખ પુરા |
| | સરવાળો - | ૪૨૧૫ (બ) | ૧૧૪૩.૦૪ | |
| | કુલ સરવાળો - | (અ) અને(બ) | ૨૬૩૯.૪૮ | |

શરતો :-

૧. સને ૨૦૧૪-૧૫ નાં વર્ષમાં અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

૨. આ રકમમાંથી પગાર અને ભથ્થાના એરીયર્સની ચુકવણી કરી શકાશે.

૩. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.

૪. સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.

૫. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપસચિવશ્રી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

૬. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.

૭. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.

૮. નાણા વિભાગના આમુખમાં ઉલ્લેખિત તા.30-03-૨૦૧૫ના પરિપત્રની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરિપત્રમાં જણાવ્યા મુજબ આ સાથે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી કોઈપણ રકમ પી.એલ.એ. માં જમા કરાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. બી. સોલંકી)
સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. ઉપસચિવ (પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

૩. નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

૪. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર અને સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો), જલસેવા ભવન, સેક્ટર - ૧૦/એ, ગાંધીનગર.

નકલ રવાના

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.

૨. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.

૩. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.

૪. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

૫. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં.

૬. નાયબ સેક્શન અધિકારી.

૭. પસંદગી ફાઈલ.